"પરિપત્ર"

**પત્રક્રમાંક:મઉમશબ/પરીક્ષા/માર્ચ'૧૮/ONLINE**
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક
શિક્ષણ બોર્ડ,પરીક્ષા વિભાગ, વડોદરા..
**તારીખ:-** ૦૮/૧૦/૨૦૧૭

**પ્રતિ,**
**આચાર્યશ્રીઓ, માધ્યમિક શાળાઓ તમામ**
**પ્રધાનાચાર્યશ્રીઓ, સંસ્કૃત પ્રથમા પાઠશાળાઓ તમામ**
**ગુજરાત રાજ્ય**

વિષય:- માર્ચ:-૨૦૧૮ નીધોરણ-૧૦ ની એસ.એસ.સી. પરીક્ષાના આવેદનપત્રો **Online** ભરવા પૂર્વ તૈયારી કરવા અંગે.

આથી રાજ્યની માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ, સંસ્કૃત પાઠશાળાઓના પ્રધાનાચાર્યશ્રીઓને જણાવવાનું કે, માર્ચ-૨૦૧૮માં લેવાનાર એસ.એસ.સી. પરીક્ષાના માન્ય માધ્યમિક શાળાના નિયમિત/રીપીટર/પૃથ્થક,ખાનગી નિયમિત/રીપીટરતથા સંસ્કૃત પ્રથમાના નિયમિત/રીપીટર ઉમેદવારોના આવેદનપત્રો ફરજિયાત **Online ભરવાના રહેશે**, જે અંગે આચાર્યશ્રીઓને સૂચિત કરવામાં આવે છે કે **Online** ફોર્મ ભરતા પહેલાં તેનીપૂર્વ તૈયારી ખાસ કરવાની રહેશે.

તા.૧૦/૧૦/૨૦૧૭ થી Online આવેદનપત્રો ભરવાના શરૂ કરવામાં આવનાર છે.

- Online આવેદનપત્રો ભરવા માટે આચાર્યશ્રીઓએ /સંસ્કૃત પ્રથમાના પ્રધાનાચાર્યશ્રીઓએ સંબંધિત જિલ્લાની જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાંથી બોર્ડ દ્વારા ફાળવેલ ઈન્ડેક્ષ નંબર આપી બોર્ડની શાળા નિયંત્રણ શાખા દ્વારા ફાળવવામાં આવેલ પાસવર્ડ મેળવી લેવાનો રહેશે.
- માર્ચ-૨૦૧૮માં ઉપસ્થિત થનાર તમામ ઉમેદવારોના અટક,નામ,પિતાનું નામ, જીઆરનંબર, જન્મતારીખ, ઉમેદવારના વાલીની વાર્ષિક આવક ઉમેદવારનો મોબાઈલનંબર/ લેન્ડ લાઈન નંબર, ઉમેદવારનો ફોટો, તથા સહી વિગેરે તમામ વ્યક્તિગત વિગતો એકત્ર કરીને તૈયાર રાખવી. ઉપરોક્ત સઘળી વિગતની ખરાઈ વિદ્યાર્થીના વાલી પાસે કરાવી લેવી. જેથી ભવિષ્યમાં અટક,નામ,પિતાનું નામ,જન્મતારીખ સુધારો કરવાના પ્રશ્નો ટાળી શકાય.અંગ્રેજી નામના સ્પેલીંગ પણ પૂરતી તકેદારી રાખીને ઉમેદવાર તથા તેના વાલીને બતાવીને રેકર્ડ પર રાખવા.
- ઉપરાંત ઉમેદવારના આધારકાર્ડની નકલ (ફરજિયાત નથી), જે ઉમેદવારના વાલી બી.પી.એલ. કાર્ડ ધરાવતા હોય તો તેનો બી.પી.એલ. કાર્ડ નંબર સાથેની ઝેરોક્ષ નકલ મેળવી રાખવી.જે ઉમેદવારોના વાલીનો **EmailID** હોય તો તે પણ મેળવી લેવાનો રહેશે.
- ઉપસ્થિત થનાર તમામ ઉમેદવારોનો તાજેતરનો ફોટો અને સહી **5 KB** થી **20KB** તથા લંબાઈ **120 PIXL** અને પહોળાઈ **100 PIXL** ની સાઈઝમાં સ્કેન કરી કોમ્પ્યુટરમાં ફોલ્ડર બનાવી રાખવું. જેથી આવેદન પત્ર ભરતી વખતે સરળતા રહે અને કોઈ ઉમેદવારનો ફોટો અપલોડ કરવાનો રહી જાય નહી.
- રીપીટર ઉમેદવારોની છેલ્લી પરીક્ષાની માર્કશીટની નકલ ઉમેદવાર પાસેથી મેળવી લેવી. આવેદનપત્ર ભરતી વખતે અપલોડ કરવાની હોય તે પણ સ્કેન કરી તૈયાર રાખવી.

- જે ઉમેદવારો ૪૦% કે તેથી વધુ **વિકલાંગતા** ધરાવતા હોય તેઓના સક્ષમ મેડીકલ ઓફીસર દ્વારા ઈસ્યુ કરેલ મેડીકલ સર્ટીફિકેટ મેળવી લેવા તે સર્ટીફિકેટ પણ સ્કેન કરી કોમ્પ્યુટર ફોલ્ડરમાં તૈયાર કરી રાખવા.
- ખાનગી ઉમેદવાર તરીકે ઉપસ્થિત થનાર ઉમેદવારોના શાળા છોડ્યાનો દાખલો, જન્મનો દાખલો અથવા ફર્સ્ટક્લાસ મેજીસ્ટ્રેટ સમક્ષ ઉમર અંગેની ખરાઈનું સોગંદનામું જે ઉમેદવારોનું ડુપ્લીકેટ સર્ટીફિકેટ હશે તેનું સોગંદનામું હોવું જરૂરી છે. આ તમામમાંથી કોઈ પણ એક ડોક્યુમેન્ટ સ્કેન કરી કોમ્પ્યુટરમાં ઓનલાઈન અપલોડ કરવાનું રહેશે.
- વ્યક્તિગત આવેદન પત્રોના હિસાબે નિયમિત /રીપીટર/ પૃથ્થક ઉમેદવારોનો **થતી** કુલ ફી તથા અન્ય સંલગ્ન ફી સહિતનો હિસાબ તૈયાર કરી રાખવો.
- પરીક્ષા ફી બાબતે હવે પછી **Online** જાણ કરવામાં આવશે.
- ખાનગી ઉમેદવારોની વખતો વખત થયેલ પરિપત્રોના આધારે કુલ ફી તથા રીપીટર ઉમેદવારોની વિષય દીઠ થતી ફી ની ગણતરી કરી કુલ ફી નો હિસાબ તૈયાર કરી રાખવો.
- **Online** ફોર્મ ભરાઈ ગયા બાદ ફોર્મની હાર્ડકોપીની નકલ શાળાના આચાર્યશ્રીએ પ્રમાણિત કરી ફરજિયાત જાળવી રાખવાની રહેશે.

આચાર્યશ્રીએ વર્ગ શિક્ષક સાથે રાખીને આ કામગીરી કરવાની રહેશે.

**નોંધ: માર્ચ-૨૦૧૭ ની પરીક્ષામાં Online આવેદનપત્ર ભરવામાં શાળાઓ દ્વારા અટક, ઉમેદવારનું નામ, પિતાનું નામ,જન્મ તારીખમાં ઘણી ભૂલો જોવા મળે છે. જે ભૂલો માર્ચ-૨૦૧૮ની પરીક્ષામાં ન થાય તેની ખાસ કાળજી રાખવા આચાર્યશ્રીઓને જણાવવામાં આવેછે.**

તારીખ:- ૦૮/૧૦/૨૦૧૭
વડોદરા

(બી.એસ.પંચાલ)
પરીક્ષાસચિવ
પરીક્ષાવિભાગ,
વડોદરા.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

# પરીક્ષા વિભાગ,વડોદરા.

## માર્ચ-૨૦૧૮ એસ.એસ.સી.પરીક્ષાના ઓનલાઈન આવેદનપત્રો ભરવા માટેની કાર્યપધ્ધતિ

## આવેદનપત્રો ભરવાનો સમયગાળો :- તા.૧૦-૧૦-૨૦૧૭ થી ૧૦/૧૧/૨૦૧૭

1. પ્રથમ બોર્ડની વેબસાઈટ www.gseb.og Open કરવી.
2. વેબસાઈટ ઓપન થતાં તેમાંથી 10th Student Exam Registration બટન ઉપર ક્લીક કરવું.
3. **Registration** :- School Index No.ધોરણ ૧૦ નો Enter કરવો.

   **Password**: - શાળાના ઈન્ડેક્ષ નં સાથે ફાળવેલ પાસવર્ડ એન્ટર કરવો. ત્યાર બાદ Login ઉપર. ક્લીક કરવુ. O Regular Pvt., O Repeater Pvt.,માટે શાળાનો પોતાનો જ ઈન્ડેક્ષનં, પાસવર્ડ એન્ટર કરવાનો રહેશે.
4. **Menu bar**:- મુખ્યMenu નીચે પ્રમાણેનું રહેશે જે લોગઈન કર્યા બાદ પેઈજમાં ઉપરની બાજુએ દેખાશે.

| Home | Application | Principal approval | Search/ Edit | Payment | Challan | Report | Final Approval | Contact |
|---|---|---|---|---|---|---|---|---|

Homeપર ક્લીક કરતાં Registration 10th, 12th Science, & 12th GENમાંથી ધો-૧૦ માટે 10th ઉપર ક્લીક કરવું. અથવા Application ઉપર ક્લીક કરતાં Online ભરવા માટેનું આવેદનપત્ર Open થશે.

- Regular,
- Repeater,
- Isolated,
- Regular Pvt.,
- Repeater Pvt.,
- આ પાંચ કેટેગરીમાંથી જે કેટેગરીના આવેદનપત્રો ભરવાના હોય તે O વર્તુળમાં ક્લીક કરવું. તેમ કરતાં જે તે કેટેગરીમાં ભરવાનું આવેદનપત્ર ઓપન થશે.

**Student's General Information:-**

1. પ્રથમ જમણી બાજુ ફોટો અપલોડ કરવાનો રહેશે.

ઉમેદવારનો ફોટો અને સહી સ્કેન કરી મુક્યા હોય તે ફાઈલમાંથી ઉમેદવારનો ફોટો સિલેક્ટ કરી અપલોડ કરવાનો રહેશે.સ્કેન કરેલો ફોટો 5KB થી 20 KB ની સાઈઝમાં જ અપલોડ થશે. તેનાથી વધારે કે ઓછી સાઈઝમાં અપલોડ થશે નહી તેનું ખાસ ધ્યાન રાખવું

| | | |
|---|---|---|
| 1 | Surname | માધ્યમિક શાળાના જીઆરમાં નોંધાયેલ નામ મુજબ ભરવાના રહેશે. કાળજી પૂર્વક સ્પેલિંગ ચેક કરી નામ એન્ટર કરવા. |
| 2 | Name | |
| 3 | Father's Name | |
| 4 | Birth Date | જીઆરની નોંધ મુજબ એન્ટર કરવી. |
| 5 | Medium | ઉમેદવાર જે માધ્યમની શાળામાં અભ્યાસ કરતો હોય તે માધ્યમ સીલેક્ટ કરવું. |
| 6 | Guardian Profession | ઉમેદવારના વાલી જે વ્યવસાયમાં જોડાયેલ હોય તથા તેમની જે વાર્ષિક આવક હોય તે સીલેક્ટ કરવાની રહેશે. |
| 7 | Guardian Income | |
| 8 | Caste | જીઆરની નોંધ મુજબ ઉમેદવારની જે જ્ઞાતિ હોય તે O SC, O ST, O OBC , O GENEREL ઉપર ક્લીક કરવું. |
| 9 | Gender | O Male, O Female, જે હોય તેના ઉપર ક્લીક કરવું. |
| 10 | BPL | |

| | | |
|---|---|---|
| 11 | BPL | જો ઉમેદવારના વાલી બીપીએલ હોય તો O Yes પર ક્લીક કરવું. બીપીએલ કાર્ડ નંબર ફરજિયાત એન્ટર કરવું. |
| 12 | Widow Child | જો બાળક વિધવામાતાનું સંતાન હોય તો O Yes પર ક્લીક કરવું. |
| 13 | School Joining Date | જે તારીખે માધ્યમિક શાળામાં દાખલ થયો હોય તે માધ્યમિક શાળાના જીઆરની નોંધ મુજબ ફરજિયાત એન્ટર કરવાનું રહેશે. |
| 14 | Type Of Primary School | ઉમેદવારની પ્રાથમિક શાળાનો જે પ્રકાર હોય તે સિલેક્ટ કરવો. |
| 15 | G R No. | ઉમેદવારનું માધ્યમિક શાળાના જીઆરમાં જે નંબર પર નોંધાયેલ હોય તે જ નંબર ફરજિયાત એન્ટર કરવો. જીઆર નંબર એન્ટર કરતી વખતે ખૂબજ સાવચેતી રાખવી જરૂરી છે. ખોટો જીઆર નંબર થશે તો તેમાં સુધારો થઈ શકશે નહી તે ખાસ ધ્યાન લેવું. |
| 16 | Domicile | ( ) ની યાદીમાંથી જે રાજ્ય હોય તે સીલેક્ટ કરવું. |
| 17 | AAdhar card | જો હોય તો તે નંબર એન્ટર કરવો.(ફરજિયાત નથી.) |
| 18 | Minority | જો Minority હોય તો Minority ટાઈપમાંથી જે લઘુમતી કક્ષામાં હોય તે સીલેક્ટ કરવું. |
| 19 | Child UID | SSA ની DISE System માં નોંધણી કરવાથી મળેલ 18 આંકડાનો વિદ્યાર્થીનો નંબર અહી Enter કરવાનો રહેશે આ ફિલ્ડ ભરવું ચાલુ વર્ષે ફરજીયાત નથી. |

## Contact Information:-

| | | |
|---|---|---|
| 1 | Father's/ Guardian/Parent Address | ઉમેદવારના વાલીનું રહેઠાણ જે હોય તે સરનામુ ફરજિયાત દર્શાવવું. |
| 2 | District | જે જિલ્લો હોય તે સીલેક્ટ કરવો. |
| 3 | City/Village | યાદીમાંથી જે ગામ/શહેર હોય તે સીલેક્ટ કરવું. |
| 4 | STD Phone | જે ફોન હોય તે દર્શાવવો. જો ન હોય તો શાળાનો ફોન નં |
| 5 | Student's Email ID | ઉમેદવારનું ઈ-મેઈલ આઈડી જે હોય તે દર્શાવવું. ના હોય તો શાળાનો ઈ-મેઈલ આઈડી દર્શાવવું ફરજિયાત છે. |
| 6 | Taluka /Muni. /Corpn | યાદીમાંથી જે હોય તે સીલેક્ટ કરવું ફરજિયાત છે. |
| 7 | Pin Code | રહેઠાણના ગામમાં જે પીનકોડ નંબર હોય તે ફરજિયાત દર્શાવવાનો છે. |
| 8 | Candidate's Mobile no. | વિદ્યાર્થી / વાલીનો મોબાઈલ નંબર ફરજિયાત દર્શાવવો ના હોય તો શાળાના આચાર્યનો નંબર દર્શાવવો. આ બાબત ઘણી અગત્યની છે, બોર્ડ તરફથી બેઠક વ્યવસ્થામાં ફેરફાર થાય,ગુણચકાસણીની જાણકારી કે અગત્યની માહિતી SMS ના માધ્યમથીઆ નંબર પર અપાશે. |

**<u>Disable Candidate's Detail:-</u>**

આ ભાગમાં જો ઉમેદવાર ૪૦% કે તેથી વધુ વિકલાંગતા ધરાવતો હોય તે ઉમેદવાર માટે જ ભરવાનું છે.

**IS Disable:-** O Yes O No. જો ઉમેદવાર Disable હોય તો Yes ક્લીક કરવું.

**Upload:-** ઉમેદવારની ૪૦% કે તેથી વધુ વિકલાંગતાનું સક્ષમ અધિકારીનું (Govt. Hospital) નું સર્ટીફિકેટ સ્કેન કરી 20 KB થી 200 KB ની સાઈઝમાં અપલોડ કરવું ફરજિયાત છે.તે સિવાય Form Final Fill-up થશે નહી.

Disable Type:- વિકલાંગતાના ૪ પ્રકારમાંથી જે હોય તે સીલેક્ટ કરવું.

Disable percentage: - તબીબીના પ્રમાણપત્ર મુજબ જે ટકા હોય તે દર્શાવવાના રહેશે.

વિકલાંગ ઉમેદવારની તમામ વિગત ભરાઈ ગયા બાદ Confirm Disability પર ફરજિયાત ક્લીક કરવાનું રહેશે. તો જ વિકલાંગ ઉમેદવારનું ફોર્મ ભરી શકાશે.

**Select Subject for Current Exam:**

| Regular<br>ઉમેદવાર માટે | Repeater<br>ઉમેદવાર માટે | Isolated<br>ઉમેદવાર માટે |
|---|---|---|
| F.L. | જે વિષયની પરીક્ષા આપવાની હોય તે જ વિષય સામેના O વર્તુળમાં ક્લીક કરવું. | જે વિષય પસંદ કર્યા હોય તે વિષય Select કરી ક્લીક કરવાનું રહેશે. |
| S.L.-I | | |
| S.L.-II માં જે ભાષા પસંદ કરી હોય તે Select કરવાની રહેશે. | | |
| S.S. | | |
| Science Technology | | |
| Maths | | |

**Optional Subject:-**

Optional –I: - જે વિષય પસંદ કર્યો હોય તે યાદીમાંથી સીલેક્ટ કરીને ક્લીક કરવું.

Optional –II:- ત્યારબાદ ઉમેદવારની ભરવાની થતી કુલ ફી ની રકમ દર્શિત થશે.

Candidate Signature જે હોય તે Folder માં Save કરી હોય તે Folder Select કરવું. ઉમેદવારની સહી 5 KB થી 20 KB ની સાઈઝમાં અપલોડ કરવું ફરજિયાત છે.

Repeater માટે- Previous Exam Details માં ઉમેદવારની જેટલી માર્કશીટ હોય તેટલી પરીક્ષાની માર્કશીટની વર્ષ વાર વિગત દર્શાવવાની રહેશે.વધુમાં વધુ ૫ એટલે કે છેલ્લી પરીક્ષાની માર્કશીટની વિગત Upload કરવાની રહેશે.

Select Subject Current Exam for Repeater Student as par Subject Offer in Last appear of Exam (ઉમેદવાર ઉપસ્થિત થયેલ છેલ્લી પરીક્ષાની માર્કશીટ મુજબ વિગત ભરવાની રહેશે.)

રીપીટર ઉમેદવારે જે વિષયમાં પરીક્ષા આપવાની હોય તે રિપીટર વિષયની સામે દર્શાવેલ To appear ના ખાનામાં ક્લીક કરવાનું રહેશે. તે સિવાયના ખાનામાં કાંઈ કરવાનું રહેશે નહિ.તેમ કરતાં Total Subject 7 , Non exempted (Board level) મુક્તિ સિવાયના જે વિષયોની પરીક્ષા આપવાની હોય છે. તેટલા વિષયો દર્શિત હશે. Non exempted ના ખાનામાં જે વિષયની પરીક્ષા આપવાની થાય છે.તેના વિષયો દર્શિત થશે. Exempted જે વિષયોની પરીક્ષા આપવાની નથી તે વિષયોની સંખ્યા દર્શિત થશે.

**Repeater Upload attachments**

રીપીટર ઉમેદવારની છેલ્લી પરીક્ષાની માર્કશીટ સ્કેન કરી અપલોડ કરવાની ફરજિયાત છે. તે 20 KB થી 100 KB ની સાઈઝમાં જ માર્કશીટ અપલોડ કરવાની રહેશે.

**Isolated માટે Previous exam details**:-

Previous Course: O New, O Old એસ.એસ.સી.પરીક્ષાનો જે કોર્સ હોય તે સિલેક્ટ કરી ક્લીક કરવો.

Month : યાદીમાંથી જે વર્ષમાં એસ.એસ.સી.પરીક્ષા પાસ કરી હોય તે પરીક્ષાનો મહીનો સીલેક્ટ કરવો.

Years : યાદીમાંથી જે વર્ષમાં એસ.એસ.સી.પરીક્ષા પાસ કરી હોય તે વર્ષ સિલેક્ટ કરવો.

Seat No : જે વર્ષમાં એસ.એસ.સી.પરીક્ષા Pass થયાના પરિણામનો Seat No & School Index No.લખવાનો રહેશે.

તેની બાજુમાં આવેલા ખાનામાં જે + Add ઉપર ક્લીક કરવાથી એક પછી એક ખાના ઉમેરાતા જશે. તેમાં વિષયવાર ગુણ દર્શાવવાના રહેશે.

Select Subject Current Exam:- ઉમેદવારે એસ.એસ.સી.પરીક્ષામાં પાસ કરેલા વિષયો સિવાયના એકથી ત્રણ વિષયની પરીક્ષા આપી શકશે.

- UFM – Student (ગેરરીતીમાં પકડાયેલ ઉમેદવારો પરીક્ષામાં બેસવામાં લાયક થતાં હોય તો)
- Magazine fees included to mention in paid.
- Extra payment/ More payment issued solved in Approve time.

Principal Approval: -તમામ ઉમેદવારોના આવેદનપત્રો ભરાઈને ચકાસણી થઈ ગયા પછી Approval આપવાનું રહેશે.

**Search & Edit** :-જો કોઈ ઉમેદવારના આવેદનપત્રમાં ભૂલ થઈ હોય તેમ માલૂમ પડે તો તેના ઉપર ક્લીક કરી જે તે સંબંધિત ઉમેદવારના ફ્રોર્મ સીલેક્ટ કરી તેમાં સુધારો કરી Approve આપવાનું રહેશે.

**Payment** : એનરોલમેન્ટ ફી નું ચલણની ચકાસણી કરીલેવાની રહેશે.

**Challan** : શાળાને ભરવાની થતી કુલ ફી નું ચલણ જનરેટ થશે. તેની ચાર નકલની પ્રિન્ટ કાઢી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં રોકડ ફી ભરવાની રહેશે.બેંકમાં ફી ભરાયા પછી ચલણમાં બેંક દ્વારા જે નંબર આપવામાં આવે તે નંબર Payment option સીલેક્ટ કરી એન્ટર કરવાનો રહેશે. તે પછી આઉટ સ્ટેંડિંગ અમાઉન્ટ 00 સાથેનું ચલણની પ્રિન્ટ કાઢી શાળાના દફ્તરે રાખવી.

આ તમામ પ્રક્રિયા બાદ Final Approval પર ક્લીક કરવાથી શાળાના તમામ આવેદનપત્ર ભરવાની તમામ કાર્યવાહી પૂર્ણ થાય છે.

## ખાનગી ઉમેદવારોનાં આવેદનપત્રો ભરવા માટેની ખાસ સૂચના:

નિયમિત ખાનગી ઉમેદવારે પોતાની નજીકની જ માધ્યમિક શાળામાંથી આવેદનપત્રો ભરી શકશે. Repeater ખાનગી વિદ્યાર્થીએ પોતાની જૂની શાળામાંથી આવેદનપત્રો ભરવાના રહેશે. આવેદનપત્રો ભરવા શાળાએ પોતાનો Regular school index No. જ ઉપયોગ કરીને વિદ્યાર્થીનું આવેદન પત્ર ભરવાનું રહેશે. જો જૂની શાળા બંધ થઈ ગઈ હોય તો તે શાળાનો હવાલો DEO શ્રી એ જે શાળાને આપ્યો હોય તે શાળા દ્વારા આવેદનપત્રો ભરવાના રહેશે.

## સંસ્કૃત પાઠશાળાના આવેદનપત્રો ભરવામાટેની ખાસ સૂચના:

સંસ્કૃત પાઠશાળાએ SSCના આવેદન પત્રો ONLINE ભરવાના રહેશે. સંસ્કૃત પાઠશાળાનો INDEX NO. ૬ આંકડાનો હોય છે. (ઉ.દા.૨૦૧.૦૦૨)

- <u>વિદ્યાર્થીના ફી નો દર નીચે મુજબ છે.</u>

| | |
|---|---|
| 1.નિયમિત વિદ્યાર્થી (૨૮૫ + ૧૦) | ફી રૂ.૨૯૫/- |
| 2.નિયમિત રીપીટર (એક વિષય) | ફી રૂ.૧૧૦/- |
| 3.નિયમિત રીપીટર (બે વિષય) | ફી રૂ.૧૫૫/- |
| 4.નિયમિત રીપીટર (ત્રણ વિષય) | ફી રૂ.૨૦૦/- |
| 5.નિયમિત રીપીટર (ત્રણ વિષય કરતાં વધારે) | ફી રૂ.૨૮૫/- |
| 6.પૃથ્થક ઉમેદવાર (એક વિષય) | ફી રૂ.૧૧૦/- |
| 7.પૃથ્થક ઉમેદવાર (બે વિષય) | ફી રૂ.૧૫૫/- |
| 8.પૃથ્થક ઉમેદવાર (ત્રણ વિષય) | ફી રૂ.૨૦૦/- |
| 9.ખાનગી ઉમેદવાર (નિયમિત) | ફી રૂ.૬૦૫/- |
| 10.ખાનગી રીપીટર (એક વિષય) | ફી રૂ.૧૧૦/- |
| 11.ખાનગી રીપીટર (બે વિષય) | ફી રૂ.૧૫૫/- |
| 12.ખાનગી રીપીટર (ત્રણ વિષય) | ફી રૂ.૨૦૦/- |
| 13.ખાનગી રીપીટર (ત્રણ વિષય કરતાં વધારે) | ફી રૂ.૨૮૫/- |

- **Online payment કરવા માટે નીચે મુજબની પ્રક્રિયા કરવાની રહેશે:-**
  1) Main menu ના payment option માં online payment ઓપ્શનમાં ક્લીક કરો.
  2) ભરવાની થતી રકમ એન્ટર કરી Pay now બટન પર ક્લીક કરવું.
  3) ત્યારબાદ Available Payment method જેવી કે ડેબીટ કાર્ડ, ક્રેડીટ કાર્ડ, ઈન્ટરનેટ બેન્કિંગ દેખાશે. આપની અનુકુળ પધ્ધતિ મુજબ ચુકવણી કરી શકો છો. Payment કરી Payment receipt વાળું પેજ આવે ત્યાં સુધી રાહ જોવી. પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી Browser બંધ ન કરવું કે વેબપેજ Reload ન કરવું.
  4) આપની ભરવાની થતી રકમ એક કે તેથી વધુ ભાગમાં ભરી શકો છો. ફોર્મ ભરવાની અંતિમ તારીખની મર્યાદા પૂર્ણ થતાં પહેલાં આ રકમ ભરી દેવાની રહેશે.

**પેમેન્ટના ચાર્જીસ નીચે મુજબ છે.**

| | |
|---|---|
| ડેબીટ કાર્ડ | રૂ. ૨000/- ની ચુકવણી સુધી કુલ રકમના ૦.૭૫% જેટલો ટ્રાન્જેક્શન ચાર્જ લાગશે. |
| ડેબીટ કાર્ડ | રૂ. ૨000/- ની થી વધુ રકમ માટે કુલ રકમના ૧% જેટલો ટ્રાન્જેક્શન ચાર્જ લાગશે. |
| ક્રેડીટ કાર્ડ | કુલ રકમના ૧% જેટલો ટ્રાન્જેક્શન ચાર્જ લાગશે. |
| **Net Banking** | ટ્રાન્જેક્શન દીઠ રૂ.૫/- ચાર્જ લાગશે. |

- ઉપરના તમામ ટ્રાન્જેક્શન ચાર્જીસ પર GST (જે હાલ ૧૮% છે તે ) લાગશે.
- ઉદાહરણ તરીકે જો આપ **Net Banking** થી રૂ.૨૫,000/- Payment કરો છો તો રૂ.૨૫,000/- + રૂ. ૫/- **(Transaction Charges) +** રૂ ૦.૯૦ (રૂ. ૫ ના ૧૮% ) **GST** એમ કુલ રૂ.૨૫,00૫.૯૦ (રૂ. પચ્ચીસ હજાર પાંચ અને નેવું પૈસા) ચાર્જ લાગશે.
- **SBI** બેન્ક મારફતે ચલણ ભરવાનો ચલણદીઠ રૂ.૨૦ ચાર્જ દ્વારા લેવામાં આવશે.